**રાજ્યના સામૂહિક આરોગ્ય કેન્દ્રો/સરકારી હોસ્પિટલો ખાતે ખાનગી પ્રેકટીસની છૂટ સાથે/ ખાનગી પ્રેકટીસ વિના પૂર્ણકાલીન કરારીય ૧૧(અગિયાર) માસના કરારીય તબીબોના માસિક ફીક્સ વેતનમાં વધારો કરવા બાબત.**

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃજીએમએસ/૧૦૨૦૨૦/૪૨૭/થ
સચિવાલય, ગાંધીનગર
તા. 31 DEC 2021

વંચાણે લીધાઃ-

(૧) આ વિભાગનો તા.૩-૪-૨૦૨૦નો સમાનાંકી ઠરાવ.
(૨) ગુજરાત ઇન સર્વિસ ડૉક્ટર્સ એસોશીએશનના તા.૧૦-૫-૨૦૨૧ના પત્રથી કરેલ રજુઆત.
(૩) ગુજરાત મેડીકલ સર્વિસ તજજ્ઞ વર્ગ-૧ના તા.૧૭-૫-૨૦૨૧ના પત્રથી કરેલ રજુઆત.

આમુખઃ-

ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ (૨) સામે દર્શાવેલ રાજ્યના ઇન સર્વિસ ડૉક્ટર્સ એસોશીએશન દ્વારા તથા વંચાણે લીધેલ ક્રમ (૩) સામે દર્શાવેલ ગુજરાત મેડીકલ સર્વિસ તજજ્ઞ વર્ગ-૧ ના તબીબો દ્વારા પડતર પ્રશ્નો અન્વયે વિવિધ રજુઆતો કરવામાં આવેલ. રાજ્યના ઇન સર્વિસ ડૉક્ટર્સ એસોશીએશનની વિવિધ રજુઆતો પૈકી રાજ્યના સામૂહિક આરોગ્ય કેન્દ્રો/સરકારી ડિસ્ટ્રીક્ટ/સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલો ખાતે ખાનગી પ્રેકટીસની છૂટ સાથે/ખાનગી પ્રેકટીસ વિના પૂર્ણકાલીન કરારીય ૧૧(અગિયાર) માસના કરારીય તબીબોના માસિક ફીક્સ વેતનમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે આ વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના ઠરાવથી રાજ્યના સામૂહિક આરોગ્ય કેન્દ્રો/સરકારી ડિસ્ટ્રીક્ટ/સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલો ખાતે ખાનગી પ્રેકટીસની છૂટ સાથે/ ખાનગી પ્રેકટીસ વિના પૂર્ણકાલીન કરારીય ૧૧(અગિયાર) માસના કરારીય તબીબોના માસિક ફીક્સ વેતનમાં તા.૧-૧-૨૦૨૨થી નીચે મુજબનું ફીક્સ વેતન ચુકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | વિગત | ખાનગી પ્રેક્ટિસની છુટ સાથે | ખાનગી પ્રેક્ટિસ વિના |
|---|---|---|---|
| ૧ | હાલ મળતો ફીક્સ વેતન | રૂ.૭૦,000/- | રૂ.૮૪,000/- |
| ૨ | તા.૧-૧-૨૦૨૨થી મળવાપાત્ર ફીક્સ વેતન | રૂ.૮0,000/- | રૂ.૯૫,000/- |

આ ફીક્સ વેતનની રકમ ઉપર કોઇપણ જાતના ભથ્થા, ઇજાફા કે અન્ય લાભો મળવાપાત્ર થશે નહિ. આ નીતિ અન્વયે નિમણૂંક મેળવવા ઇચ્છતા તજજ્ઞોને આ વિભાગના તા.૩-૪-૨૦૨૦ના સમાનાંકી ઠરાવમાં દર્શાવેલ શરતો અને જોગવાઇઓને આધીન નિમણૂંક આપવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ.એમ.કુરેશી)
અધિક સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

---

ક્રમાંક:જીએમએસ/૧૦૨૦૨૦/૪૨૭/થ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા: 31 DEC 2021

પ્રતિ,
- માન.રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ)ના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(આ.)ના અંગત સચિવશ્રી, આરોગ્ય અને પ.ક વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (ના.વિ.)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, તબીબી શિક્ષણ અને સંશોધન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી, તબીબી સેવાઓ/જાહેર આરોગ્ય, ગાંધીનગર.
- વિભાગીય નિયામકશ્રી, તબીબી સેવાઓ, અમદાવાદ/ગાંધીનગર/ભાવનગર/રાજકોટ/સુરત/વડોદરા
- નિયામકશ્રી, કામદાર રાજ્ય વિમા યોજના, પંચદીપ ભવન,આશ્રમ રોડ, અમદાવાદ.
- કલેકટરશ્રી તમામ................ (અ.નિ.શ્રી (ત.સે.) મારફત)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ.... (અ.નિ.શ્રી (ત.સે.) મારફત)
- સરકારી મેડીકલ કોલેજના સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી તમામ...... (અ.નિ.શ્રી (ત.સે.) મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી-ઈડીપી સેલ, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી-પગાર ચકાસણી એકમ, ગાંધીનગર.
- મુખ્ય જીલ્લા તબીબી અધિકારીશ્રી સરકારી/જનરલ હોસ્પિટલ તમામ.... (અ.નિ.શ્રી (ત.સે.) મારફત)
- મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી તમામ.....(અ.નિ.શ્રી (ત.સે.) મારફત)
- અધિક્ષકશ્રી, સરકારી/જનરલ હોસ્પિટલ તમામ.... (અ.નિ.શ્રી (ત.સે.) મારફત)
- અધિક્ષકશ્રી, સા.આ.કે તમામ. ......... (અ.નિ.શ્રી (ત.સે.) મારફત)

સીસ્ટમ મેનેજરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ.

- નાયબ સેક્શન અધિકારી પસંદગી ફાઇલ
- શાખા પસંદગી ફાઇલ ૨૦૨૧

(નિકિતા ખેતાણી)
સેક્શન અધિકારી
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ